BUSINESS મિત્ર

ક્રૂડના ઘટાડાથી આવેલી તેજી છેલ્લા દોઢ કલાકમાં ગાયબ; IT અને મેટલમાં પ્રોફિટ બુકિંગથી રોકાણકારોના ૭૮ હજાર કરોડ સ્વાહા

શેરબજારમાં રોલરકોસ્ટર રાઇડ: ઇન્ટ્રાડે હાઈથી સેન્સેક્સ ૮૦૦ પોઇન્ટ તૂટ્યો

નિફ્ટી માંડ ૩૪ પોઇન્ટ પ્લસ

ઓટો સેક્ટરે બજારને બચાવ્યું

મહોરમ નિમિત્તે આજે બીએસઇ-એનએસઇ બંધ રહેશે

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 25: ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડો ચાલુ રહેતા અને અમેરિકા-ઇરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું તે પહેલાના સ્તર પર આવવાના કાણે શેરબજારમાં ભારે ધુમ મચાવી હતી, પરંતુ દિવસના છેલ્લા દોઢ કલાકમાં આખુંય વાતાવરણ બદલાઇ ગયું હતું, ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ અને નિફ્ટીએ એક ટકાનો ઉછાળો લગાવ્યો હતો, પરંતુ તે પછી પ્રોફીટ બુકીંગની સાથે આઇટી અને મેટલ સેક્ટરમાં વેચાણના દબાણ હેઠળ મોટાભાગે ગાયબ થઇ ગયો હતો. સેન્સેક્સ ઇન્ટ્રાડે હાઇથી 800 પોઇન્ટ તુટી ગયો હતો, જ્યારે નિફ્ટી પણ 23250ને પાર કરીને 24050ની નીચે આવી ગયો હતો. આવો જ ટ્રેન્ડ વ્યાપક સ્તરે જોવા મળ્યો હતો. જ્યારે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં નરમાઇ જોવા મળી હતી. આવતીકાલે મહોરમ તહેવાર નિમિત્તે ભારતીય શેરબજારો બંધ રહેશે.

સેક્ટર વાઇઝ બજારને આજે ઓટો સેક્ટરનો મજબૂત ટેકો મળ્યો હતો, જેણે બજારને વધુ પડતુ નીચે આવવા દીધુ નહતું. નિફ્ટી ઓટો ઇન્ડેક્સ 2 ટકાથી વધુના વધારા સાથે બંધ રહ્યો હતો. બીજી તરફ, આઇટી સેક્ટર બજારને નીચે લાવવાનો જોરદાર પ્રયાસ કર્યો હતો, નિફ્ટી મેટલ ઇન્ડેક્સ એક ટકાથી વધુ નબળી પડી હતી. આ જ સમયે પીએસયુ બેન્કો અને ખાનગી બેન્કોના નિફ્ટી ઇનડ્ક્સમાં અડધા ટકાનો ઉછાળો આવ્યો હતો. જેના લીધે બીએસઇ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 78 હજાર કરોડનો ઘટાડો નોંધાયો હતો. જેના લીધે માર્કેટ કેપ રૂ. 475 લાખ કરોડ થયો હતો.

બીએસઇ સેન્સેક્સ 109.25 પોઇન્ટ એટલે કે 0.14 ટકા વધીને 77100.47 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77803 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76993 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 34.35 પોઇન્ટ એટલે કે 0.14 ટકા વધીને 24056 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24261 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24039 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 26.70 પોઇન્ટ એટલે કે 0.05 ટકા વધીને 58177.05 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે ગ્લોબલ હેલ્થ લિ.માં 60.42 ગણા, બીઇએલમાં 9.54 ગણા, અશોક લેલેન્ડમાં 8.28 ગણા, ફીઝીક્સવાલા લિ.માં 6.27 ગણા અને ટાટા કેમિકલ્સમાં 6.15 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે મધરસન સુમીમાં 13.09 ગણા, ઇન્ડિયા સિમેન્ટમાં 11.74 ગણા, ટાટા કેમિકલ્સમાં 11.46 ગણા, હોનાસા કન્ઝ્યુમરમાં 5.48 ગણા અને આશાહી ઇન્ડિયા ગ્લાસમાં 4.57 ગણા કામકાજ નોંધાયા છે.

રૂપિયામાં મજબૂતાઇ આગળ વધી

ક્રુડ ઓઇલમાં અવિરત ઘટાડાના કારણે રૂપિયામાં મજબૂતાઇ આગળ વધી હતી. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 27 પૈસા મજબૂત થઇને 94.40ના સતેર બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.67ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 107.26, પાઉન્ડ 124.19, કેનેડિયન ડોલર 66.47, ઓસ્ટ્રેલિયન ડોલર 65.12, જાપાનીઝ યેન 0.5831 અને સીંગાપોર ડોલર 72.60ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	94.40 રૂ.
યુરો	107.26 રૂ.
પાઉન્ડ	124.19 રૂ.
યેન	0.5831 રૂ.

સેન્સેક્સ	109.25	77100.47
નિફ્ટી	34.35	24.56.00
બેન્ક નિફ્ટી	26.70	58177.05

નિફ્ટી — ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	4.66	5450.00
મેક્સ હેલ્થકેર	3.85	1123.35
મહિન્દ્રા-મહિન્દ્રા	3.84	3182.20
મારૂતિ સુઝુકી	3.75	13745.00
ટાટા કન્ઝ્યુમર	3.02	1131.30

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઓએનજીસી	2.88	233.10
પાવરગ્રીડ	2.41	283.90
હિન્ડાલ્કો	2.40	953.20
ટેક મહિન્દ્રા	1.68	1437.10
બીઇએલ	1.54	407.20

સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ	4.82	5454.10
મહિન્દ્રા-મહિન્દ્રા	3.90	3184.00
મારૂતિ સુઝુકી	3.77	13752.00
એસબીઆઇ	1.00	1045.00
ICICI બેન્ક	0.82	1385.20

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	2.17	284.50
ટેક મહિન્દ્રા	1.45	1440.00
ભારતી એરટેલ	1.40	1850.70
બીઇએલ	1.33	408.25
ઇન્ફોસીસ	1.28	1042.90

યાર્ન બજાર સુરત (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૭.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૦	૫૦/૩૬ ''	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૭	૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૮
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨	૧૦૦ ટેક્ષ	૧૪૦	૬૮ ક્રિમ્પ	૧૪૭
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧	૮૦/૭૨ રોટો	૧૪૫	૭૫ ક્રિમ્પ	૧૪૨
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ''	૧૪૩.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સ્ટાન્ડર્ડ સોનું	૧૪૫૪૦૦
તેજાબી સોનું	૧૪૫૩૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૩૮૧૩૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૨૪૯૦
સોનાનાં બિસ્કીટ	૧૪૫૪૦૦૦
ચાંદી (૯૯૯)	૨૨૭૫૦૦
ચાંદી સિક્કા	૨૨૯૦૦૦

તેલ બજાર સુરત (૧૫ કિલોના ભાવ)

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૨૦
સીંગતેલ (૫ લી)	૯૨૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૭૦	તલતેલ	૪૭૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૨૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૦૦		

જથ્થાબંધ ખાંડબજાર (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૫૦૦
એમ-૩૦	૪૪૫૦
એસ-૩૦	૪૪૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦

ક્રૂડ ઓઈલ ડાઉન, ઓટો શેર્સ અપ

મારૂતિ સુઝુકી લઇને મહિન્દ્રા-મહિન્દ્રા સુધી તોફાની તેજી જોવા મળી

મુંબઇ, તા. 25: વૈશ્વિક બજારમાં ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડાની સીધી અસર ભારતીય શેરબજાર પર જોવા મળી રહી છે, ખાસ કરીને ઓટો સેક્ટરમાં ટ્રેડિંગ સત્ર દરમ્યાન ઓટો કંપનીઓના શેરમાં જોરદાર ખરીદી જોવા મળી હતી અને ઘણી કંપનીઓના શેરમાં ચાર ટકાનો ઉછાળો આવ્યો હતો. મારૂતિ સુઝુકી અને યુનો મિન્ડા જેવા અગ્રણી નામો આ ઉછાળામાં મોખરે હતા, જે રોકાણકારોને પ્રભાવશાળી વળતર આપે છે.

વાસ્તવમાં, ક્રુડ ઓઇલના ભાવ ઓટો ઉદ્યોગ માટે ખૂબ જ મહત્વપૂર્ણ પરિબળ છે. સસ્તા ક્રુડ ઓઇલનો અર્થ એ છે કે કંપનીઓ ઉત્પાદન અને પરિવહન ખર્ચમાં ઘટાડો કરી શકે છે. તદુપરાંત, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં રાહત ગ્રાહકોની ખરીદ શક્તિમાં વધારો કરે છે, જેના કારણે વાહનોની માંગમાં સુધારો થવાની અપેક્ષા છે. આ જ કારણ છે કે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થતાની સાથે જ રોકાણકારોએ ઓટો શેરોમાં તેજીની ખરીદી શરૂ કરી દીધી હતી.

વાસ્તવમાં, ક્રુડ ઓઇલના ભાવ ઓટો ઉદ્યોગ માટે ખૂબ જ મહત્વપૂર્ણ પરિબળ છે. સસ્તા તેલનો અર્થ એ છે કે કંપનીઓ ઉત્પાદન અને પરિવહન ખર્ચમાં ઘટાડો કરી શકે છે. તદુપરાંત, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં રાહત ગ્રાહકોની ખરીદ શક્તિમાં વધારો કરે છે, જેના કારણે વાહનોની માંગમાં સુધારો થવાની અપેક્ષા છે. આ જ કારણ છે કે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થતાની સાથે જ રોકાણકારોએ ઓટો શેરોમાં તેજીની ખરીદી શરૂ કરી દીધી હતી. ભારતની સૌથી મોટી કાર ઉત્પાદક કંપની મારૂતિના શેરમાં મજબૂત ખરીદી જોવા મળી હતી અને તે ટોચના મુવર્સમાં હતી. યુનો મિન્ડા ઓટો પાર્ટસ સેક્ટરમાં આ કંપનીના શેરોએ રોકાણકારોને ઉત્તમ વળતર આપ્યું હતું અને તેજીનું નેતૃત્વ કર્યુ હતું. મહિન્દ્રા-મહિન્દ્રા, ટાટા મોટર્સ અને અન્ય મોટો ઓટો કંપનીઓના શેરમાં પણ રોકાણકારોનું સકારાત્મક વલણ જોવા મળ્યું છે.

માર્કેટ એક્સપાર્ટ્સનું માનવું છે કે આ તેજી માત્ર ટૂંકા ટ્રેન્ડ ન હોઇ શકે, પરંતુ જો ક્રુડ ઓઇલના ભાવ વધુ નરમ રહેશે તો ઓટો સેક્ટર મધ્યથી લાંબા ગાળામાં મજબૂતી જોઇ શકે છે. ખાસ કરીને પેસેન્જર વ્હીકલ અને ઓટો કમ્પોનન્ટ કંપનીઓને આનો સૌથી વધુ ફાયદો મળી શકે છે. તદુપરાંત, વધુ સારા માર્જિનની અપેક્ષાઓ અને આગામી તહેવારોની સીઝનમાં માંગ વધવાની સંભાવના પણ આ ક્ષેત્ર માટે સકારાત્મક સંકેતો આપી રહી છે.

સાઉદીમાં હવે વિદેશીઓ પણ ઓનલાઇન ખરીદી શકશે ઘર અને જમીન

રિયલ એસ્ટેટ જનરલ ઓથોરિટીએ સત્તાવાર સાઉદી પ્રોપર્ટીઝ પોર્ટલ લોન્ચ કરશે

નવી દિલ્હી, તા. 25: સાઉદી અરેબિયાના રિયલ એસ્ટેટ માર્કેટમાં નાણાંનું રોકાણ કરવું હવે ખૂબ જ સરળ બની ગયું છે. સાઉદી અરેબિયાએ એક સત્તાવાર ડિજિટલ પ્લેટફોર્મ શરૂ કર્યું છે જેના દ્વારા વિદેશી નાગરિકો હવે સાઉદી અરેબિયામાં સીધા સંપત્તિ ખરીદવા માટે ઓનલાઇન અરજી કરી શકે છે. વિદેશી રોકાણકારો માટે રોકાણને વધુ સરળ બનાવવા માટે આ ઐતિહાસિક પગલું ભરવામાં આવ્યું છે.

આ પગલું નવા માલિકી કાયદા હેઠળ આવે છે જે આ વર્ષની શરૂઆતમાં અમલમાં આવ્યો હતો. રિયલ એસ્ટેટ જનરલ ઓથોરિટીએ આ સત્તાવાર 'સાઉદી પ્રોપર્ટીઝ પોર્ટલ' શરૂ કરવાની જાહેરાત કરી છે, જે વિદેશીઓને મધ્ય પૂર્વમાં સૌથી ઝડપથી વિકસતા પ્રોપર્ટી બજારોમાંના એકમાં પ્રવેશવાનો માર્ગ મોકળો કરે છે.

આ નવું ડિજિટલ પ્લેટફોર્મ વિદેશી માલિકીની અરજીઓ માટે સિંગલ સત્તાવાર ચેનલ તરીકે ડિઝાઇન કરવામાં આવ્યું છે. આ પોર્ટલ દ્વારા, સાઉદી અરેબિયાની અંદર અને બહાર રહેતા પાત્ર વ્યક્તિઓ અને કંપનીઓ સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન પૂર્ણ કરી શકે છે. આમાં પાત્રતા તપાસવી, અરજીઓ સબમિટ કરવી, એપ્લિકેશન ટ્રેકિંગ અને સરકાર દ્વારા મંજૂર કરાયેલા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સ વિશે માહિતી મેળવવાનો સમાવેશ થાય છે. આ પગલું સાઉદી અરેબિયાની ક્રુડથી આગળ તેના અર્થતંત્રમાં વિવિધતા લાવવા અને દેશને વ્યવસાય, પર્યટન અને રિયલ એસ્ટેટ માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ છે.

સુઝલોનને ટાટા પાવર તરફથી 400 મેગાવોટનો ઓર્ડર મળ્યો

મુંબઇ, તા. 25: દેશની સૌથી મોટી વિન્ડ ટર્બાઇન કંપનીઓમાંની એક સુઝલોન એનર્જીએ ટાટા પાવર સાથેની ભાગીદારી મજબૂત કરી છે. તેને ટાટા પાવર રિન્યુએબલ એનર્જી તરફથી 400 મેગાવોટનો ઇપીસી ઓર્ડર મળ્યો છે. બંને કંપનીઓ વચ્ચેની કુલ ભાગીદારી વધીને એક ગીગાવોટથી વધુ થઇ ગઇ છે. સુઝલોન એનર્જી ત્રણ દિવસથી લાલ નિશાનમાં છે. ટાટા પાવરે સુઝલોન એનર્જીને 400 મેગાવોટનો ઇપીસી ઓર્ડર આપ્યો હતો અને આ સાથે, બંનેએ હવે ચાર રાજ્યોમાં 1 ગીગાવોટથી વધુની ભાગીદારી કરી છે. આ ઓર્ડર સુઝલોનના નવા ડેવકો (ડેવલપમેન્ટ કંપની) બિઝનેસ મોડલ હેઠળ મળ્યો છે. ટાટા પાવરનો આ ચોથો ઓર્ડર છે અને છેલ્લા 12 મહિનામાં બીજો પુનરાવર્તિત ઓર્ડર છે. કંપનીના એક્સચેન્જ ફાઇલિંગ અનુસાર, આ પ્રોજેક્ટ આંધ્રપ્રદેશના અનંતપુર જિલ્લામાં હાથ ધરવામાં આવશે, જ્યાં સુઝલોનની ઓર્ડર બુક હવે લગભગ 1 ગીગાવોટ છે. કંપની પાસે હવે આંધ્રપ્રદેશમાં 1.8 ગીગાવોટનો ઇન્સ્ટોલડ બેઝ છે, જે દક્ષિણ ભારતમાં તેની કુલ સ્થાપિત ક્ષમતાના 28.44 ટકા છે.

ચોમાસામાં વિલંબ છતાં FMCG સેક્ટરમાં ચમકારો

નુવામાના રિપોર્ટ મુજબ HUL અને ગોદરેજમાં ડબલ ડિજિટ ગ્રોથ શક્ય; ગ્રામીણ માંગ હજુ પણ મજબૂત

મુંબઇ, તા. 25: ચોમાસામાં વિલંબ અને અલનીનોની ચિંતાઓ ફાસ્ટ મુવીંગ કન્ઝ્યુમર ગુડ્ઝ-એફએમસીજી શેરોને અસર કરી શકે છે, પરંતુ નુવામા અપેક્ષા રાખે છે કે ગ્રાહક કંપનીઓ વધુ એક મજબૂત કવા4ટરની જાણ કરશે, જેમાં સારા વેચાણ અને વોલ્યુમ વૃદ્ધિ સમગ્ર ક્ષેત્રમાં ચાલુ રહેશે.

નુવામા ઇન્સ્ટિટ્યુશનલ ઇક્વિટીઝના જણાવ્યા અનુસાર મોટાભાગની એફએમસીજી કંપનીઓ 2026ના જાન્યુઆરી-માર્ચ કવાર્ટરમાં જોવા મળેલી પુનઃપ્રાપ્તિ પર નિર્માણ કરશે. નેસલે ઇન્ડિયા, મેરિકો, પીડીલાઇટ, એશિયન પેઇન્ટસ, બર્જર પેઇન્ટસ અને ઇમામી જેવી ઘણી કંપનીઓ 2026ના એપ્રિલ-જુન કવાર્ટરમાં મજબૂત સંખ્યા આપશે. જ્યારે એચયુએલ અને ગોદરેજ કન્ઝ્યુમર જેવી મોટી કંપનીઓ લગભગ બે આંકડાની વેચાણ વૃદ્ધિ અને વોલ્યુમ ગ્રોથ લગભગ 7 ટકા જોઇ શકે છે. જોકે, રોકાણકારો નબળા વરસાદ અને ઓછી વાવણી પ્રવૃત્તિને લઇને ચિંતિત છે. તેમએ કહ્યું કે, જુના ડેટા ગ્રાહકોની માગમાં તીવ્ર ઘટાડાના ભયને સમર્થન આપતા નથી. અમે જોયું છે કે ઓછામાં ઓછા છેલ્લા 10 વર્ષમાં વરસાદમાં ઘટાડો અને સેકટરના વોલ્યુમમાં ઘટાડો વચ્ચે કોઇ મોટો સબંધ નથી.

મધ્ય પ્રદેશના મુખ્ય મંત્રી મોહન યાદવનું અબજો રૂપિયાનું જમીન કૌભાંડ બહાર આવ્યું

ટુંધ પોઇન્ટ ■ સંજય વોરા ■



ભાજપની કુંડળીમાં લખાયેલાં કૌભાંડો એક પછી એક બહાર આવી રહ્યાં છે. અયોધ્યાના રામ મંદિરમાં દાનપેટીમાં અબજો રૂપિયાની ચોરીની ચર્ચા ચાલી રહી છે ત્યાં મધ્ય પ્રદેશના મુખ્ય મંત્રી મોહન યાદવને સંડોવતું મસમોટું કૌભાંડ બહાર આવ્યું છે. ડો. મોહન યાદવ મુખ્ય મંત્રી બન્યા પછી તેમના પરિવારે ઉજ્જૈન અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૬૮ એકર જમીન ખરીદી હતી. હવે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આમાંના મોટા ભાગના પ્લોટ એવા વિસ્તારોમાં છે, જ્યાં તેમની પોતાની સરકારે પાછળથી રસ્તા, હાઇ વે અને અન્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોની જાહેરાત કરી હતી. આનો અર્થ એ થયો કે ઓછી કિંમતે ખરીદેલી જમીનની કિંમત ટૂંકા સમયમાં જ આસમાને પહોંચી ગઇ હતી, જેના થકી મુખ્ય મંત્રીના પરિવારને અબજો રૂપિયાનો ફાયદો થયો હતો.

મુખ્ય મંત્રી મોહન યાદવના પરિવાર સાથે જોડાયેલી રિયલ એસ્ટેટ કંપનીઓએ ડિસેમ્બર, ૨૦૨૩ અને ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે ૧૩૭ પ્લોટ જમીન ખરીદી હતી, જેનો કુલ વિસ્તાર ૧૬૮ એકર છે અને તેની ખરીદી પર આશરે ૪૫ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. આ ખરીદીઓ મુખ્ય મંત્રીની પત્ની સીમા યાદવ, પુત્ર વૈભવ યાદવની પત્ની શાલિની યાદવ, ભાઈઓ નંદલાલ અને નારાયણ યાદવ, નારાયણ યાદવની પત્ની રેખા યાદવ, તેમના પુત્ર અભય યાદવ અને પિતરાઇ ભાઈઓ ગોવિંદ યાદવ અને નીલેશ યાદવના નામે કરવામાં આવી હતી.

આ ઉપરાંત પરિવાર સાથે જોડાયેલી ચાર રિયલ એસ્ટેટ કંપનીઓએ પણ જમીન ખરીદી હતી. ડો. મોહન યાદવ મુખ્યમંત્રી બન્યા પછી પરિવાર દ્વારા ખરીદેલી ૧૬૮ એકર જમીનમાંથી આશરે ૧૧૧ એકર જમીન એવા વિસ્તારોમાં આવેલી છે જ્યાં પાછળથી મોટા સરકારી માળખાકીય પ્રોજેક્ટો શરૂ થયા હતા. આમાં નવા રસ્તાઓ, રસ્તા પહોળા કરવા, રિંગ રોડ અને હાઇ વેનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી મોહન યાદવ પોતે ઉજ્જૈન દક્ષિણના ધારાસભ્ય છે અને ઉજ્જૈનમાં હાલમાં નોંધપાત્ર ફેરફારો થઈ રહ્યા છે. ૨૦૨૮ માં સિંહસ્થ કુંભ મેળાની અપેક્ષાએ શહેરમાં અનેક વિકાસ પ્રોજેક્ટો ચાલી રહ્યા છે. ઉજ્જૈનના માસ્ટર પ્લાન - ૨૦૩૫ હેઠળ શહેરનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. પરિણામે જમીનના ભાવો આસમાને પહોંચવાની ધારણા છે. મુખ્ય મંત્રી મોહન યાદવના પરિવારે ઓછામાં ઓછી ૩૭ એકર જમીન ખરીદી હતી, જે જમીનનો ઉપયોગ પાછળથી બદલાઇ ગયો હતો. ઉદાહરણ તરીકે જે જમીન અગાઉ ખેતીલાયક હતી તેને પાછળથી રહેણાંક અથવા કોમર્શિયલ ઉપયોગ માટે નિયુક્ત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી મોહન યાદવના પરિવારે પંડ્યાખેડી વિસ્તારમાં આશરે ૧૮ એકર જમીન ખરીદી હતી. આ વિસ્તારને ઉજ્જૈનના માસ્ટર પ્લાનમાં વાણિજ્યિક ક્ષેત્ર તરીકે નિયુક્ત કરવામાં આવ્યો છે. પરિવારની સંલગ્ન કંપનીઓએ એપ્રિલ ૨૦૨૪ પછી ગંગેડી વિસ્તારમાં ૩૮ પ્લોટમાં ૫૧ એકર જમીન ખરીદી હતી. આ વિસ્તાર ઉજ્જૈન-ઇન્દોર અને ઉજ્જૈન-બદનગર હાઇ વેના જંકશન પાસે છે. આ વિસ્તારમાં રોડ અને કનેક્ટિવિટી પ્રોજેક્ટો ઉભરી આવ્યા હતા. ઉન્હેલ, ચંદેસરા, જયવંતપુરા, કરાડિયા અને કરૌન્ડિયા જેવા વિસ્તારોમાં પણ જમીન ખરીદવામાં આવી હતી.

જો કે, રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે મોહન યાદવના પરિવારની રિયલ એસ્ટેટના ધંધામાં સક્રિયતા નવી નથી. મુખ્ય મંત્રી બનતાં પહેલાં પણ તેમના પરિવાર પાસે ૧૦૮ પ્લોટમાં ફેલાયેલી આશરે ૧૭૯ એકર જમીન હતી. આમાંથી ૮૫ એકર જમીન ૨૦૨૧ થી ૨૦૨૩ ની વચ્ચે ખરીદવામાં આવી હતી. તે સમયે મોહન યાદવ રાજ્યના ઉચ્ચ શિક્ષણ મંત્રી હતા. એ નોંધવું જરૂરી છે કે મુખ્ય મંત્રી બન્યા પછી ખરીદીની ગતિ ઝડપી થઈ હોય તેવું લાગે છે. ફક્ત ૨૦૨૫ માં પરિવારે ૬૨ પ્લોટમાં ફેલાયેલી ૯૨ એકર જમીન ખરીદી હતી. ફક્ત બે વર્ષમાં ખરીદેલી જમીનનો મોટો ભાગ ફક્ત એક વર્ષમાં હસ્તગત કરવામાં આવ્યો હતો. મોહન યાદવના પિતરાઇ ભાઈ ગોવિંદ યાદવ અને તેમના સહયોગીઓએ ગંગેડી વિસ્તારમાં ૪૧ એકર જમીન ખરીદી હતી. આ જમીન પાછળથી ઇન્દોર સ્થિત શાંતિ મહાલોક બિલ્ડર્સને વેચવામાં આવી હતી.

દરમિયાન, મુખ્ય મંત્રીના બીજા પિતરાઇ ભાઈ નીલેશ યાદવ સાંવરિયા બ્રાન્ડ નામ હેઠળ અનેક હાઉસિંગ પ્રોજેક્ટો વિકસાવી રહ્યા છે. તેમના થકી ઓક્ટોબર ૨૦૨૪ અને નવેમ્બર ૨૦૨૫ ની વચ્ચે મધ્ય પ્રદેશ રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીમાં ચાર નવા પ્રોજેક્ટો નોંધાયા હતા. આમાં શ્રી સાંવરિયા ધામ, સાંવરિયા ડ્રીમ્સ, સાંવરિયા ગ્રીન અને સાંવરિયા રેસીડેન્સીનો સમાવેશ થાય છે. હવે, બીજો એક મુદ્દો નોંધવા જેવો છે કે ૨૦૨૫ માં જ્યારે ખેડૂતો સિંહસ્થ ૨૦૨૮ ની તૈયારીઓ માટે જમીનના ઉપયોગનો વિરોધ કરી રહ્યા હતા, ત્યારે મોહન યાદવના પરિવાર અને તેમની કંપનીઓએ લગભગ ૯૨ એકર જમીન ખરીદી હતી. આ અહેવાલ ચોક્કસપણે કેટલાક મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઊભા કરે છે. શું એ માત્ર એક સંયોગ છે કે મુખ્ય મંત્રી મોહન યાદવના પરિવારે મોટા ભાગની જમીન એવા વિસ્તારોમાં ખરીદી હતી જ્યાં વિકાસ પ્રોજેક્ટો પાછળથી ઊભરી આવ્યા હતા? અને જો બધું સંપૂર્ણપણે નિયમોની અંદર કરવામાં આવ્યું હોય તો પણ શું આવા સંજોગોમાં પારદર્શિતા અને જવાબદારીનાં ધોરણો વધુ ઊંચાં ન હોવાં જોઈએ?

મુખ્યમંત્રી મોહન યાદવ સામે જમીન કૌભાંડના આરોપોને લઈને કોંગ્રેસ પાર્ટીએ હવે દિલ્હીમાં મોટો હુમલો કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે ઉજ્જૈનમાં ૫૦૦ કરોડ રૂપિયાની જમીન મુખ્યમંત્રીના સાંસ્કૃતિક સલાહકારના ટ્રસ્ટને માત્ર ૧ રૂપિયામાં આપવામાં આવી હતી. તેમણે ભાજપના આરોપોને પણ ફગાવી દીધા હતા કે તેઓ OBC હોવાને કારણે તેમને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. કોંગ્રેસે કહ્યું કે ભાજપ મોહન યાદવના જમીન કૌભાંડના મુદ્દાને ભટકાવવા માટે જાતિનો ઉપયોગ કરી રહી છે. આ તો માત્ર શરૂઆત છે અને વધુ કૌભાંડો બહાર આવશે. દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં જીતુ પટવારીએ આરોપ લગાવ્યો કે મધ્યપ્રદેશ સરકારે ઉજ્જૈનમાં ૫૦૦ કરોડ રૂપિયાની જમીન એક ટ્રસ્ટને માત્ર ૧ રૂપિયામાં ફાળવી દીધી હતી. આ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી રામજી છે, જે મુખ્યમંત્રી મોહન યાદવના સાંસ્કૃતિક સલાહકાર છે. તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે મુખ્યમંત્રી બન્યા પછી મોહન યાદવના પરિવારે ઉજ્જૈનમાં ૧૬૮ એકર જમીન ખરીદી હતી. આ ૧૬૮ એકરમાંથી ૧૧૧ એકર તે વિસ્તારમાં છે જ્યાં સિંહસ્થ કુંભ યોજાવાનો છે. મુખ્ય મંત્રીના પરિવારે ૨૦૩૫ના માસ્ટર પ્લાન વિસ્તારમાં પણ જમીન ખરીદી છે. કોંગ્રેસે પૂછ્યું કે આ જમીન ખરીદવા માટેના પૈસા ક્યાંથી આવ્યા તેની સંપૂર્ણ વિગતો જાહેર કરવી જોઈએ.

જમીન-ખરીદી વિવાદને કારણે સમાચારમાં રહેલા મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવના પરિવારને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવનો ટેકો મળ્યો છે. આ સમગ્ર વિવાદને કાવતરું ગણાવતા અખિલેશ યાદવે કહ્યું કે ભારતીય જનતા પાર્ટીએ મોહન યાદવને બદનામ કરવાનું કાવતરું ઘડ્યું છે. તેમણે પ્રશ્ન કર્યો કે શું ભાજપને ખબર નહોતી કે મોહન યાદવ રિયલ એસ્ટેટના ધંધામાં સામેલ છે. અખિલેશના મતે આ આરોપો એટલા માટે લગાવવામાં આવી રહ્યા છે, કારણ કે ભાજપ મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના મુખ્યમંત્રીઓને દૂર કરવા માંગે છે. તેઓ આ બંનેને દૂર કરી રહ્યા છે, કારણ કે તેઓ ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રીને દૂર કરવા માંગે છે. ઉત્તર પ્રદેશ સરકારના પંચાયતી રાજ મંત્રી ઓમ પ્રકાશ રાજભરે મધ્ય પ્રદેશના મુખ્ય મંત્રી મોહન યાદવના સમર્થનમાં સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવના નિવેદન પર પ્રતિક્રિયા આપતાં સમજાવ્યું છે કે મોહન યાદવને મુખ્ય મંત્રીના પદ પરથી હટાવવાથી અખિલેશ યાદવને મોટું નુકસાન થશે, તેથી તેઓ હંગામો મચાવી રહ્યા છે અને મોહન યાદવનો બચાવ કરી રહ્યા છે. ભાજપે તમામ આરોપોને પાયાવિહોણા અને ખોટા ગણાવ્યા છે. મધ્ય પ્રદેશ ભાજપ પ્રમુખ હેમંત ખંડેલવાલે કહ્યું કે મોહન યાદવે તેમના ૨૦૨૩ ના ઉમેદવારી પત્રમાં ૧૭ એકર જમીન જાહેર કરી હતી. તેઓ આજે લગભગ એટલી જ રકમનો દાવો કરે છે. પહેલાં તે જમીન ૬૮ એકર હતી, પરંતુ હવે તે ઘટીને ૬૫ એકર થઈ ગઈ છે. આ બધી જમીન માસ્ટર પ્લાન લાગુ થયા પહેલાં સંપાદિત કરવામાં આવી હતી. કોંગ્રેસ ઓબીસીના મુખ્યમંત્રીઓને નિશાન બનાવી રહી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ઓછી કિંમતે ખરીદેલી જમીનની કિંમત ટૂંક સમયમાં જ આસમાને પહોંચી ગઇ હતી, જેના થકી મુખ્ય મંત્રીના પરિવારને અબજો રૂપિયાનો ફાયદો થયો હતો

ગુજરાતમિત્ર ટચૂકડી ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ — મંગળવાર, શુક્રવાર, રવિવાર — હવે શબ્દ દીઠ ₹૯ +(GST) — ઓછામાં ઓછા ૧૨ શબ્દો — જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

ઓફિસ સ્ટાફ
જોઈએ છે. ટ્રાવેલ્સ એજન્સી માટે જેન્ટ્સ/ લેડિઝ. વિઝા- ટુરીઝમ લાઈનના અનુભવી/ બીનઅનુભવી. MBA/ પોસ્ટ ગ્રેજ્યુએટ / BCOM /BSC ની લાયકાત ધરાવતા ઉમેદવારો બાયોડેટા સાથે રૂબરૂ મળો. સોહાગીયા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ પ્રા. લિ. 101- 102, તુલસીઆર્કેડ, લાલદરવાજા, સુરત. 9825120172.

જોઈએ છે
ડેટા એન્ટ્રી માટે લેડીઝ, માર્કેટીંગ સ્ટાફ, અનુભવી એકાઉન્ટન્ટ, હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ. 9687580001

સ્ટીલ ફેબ્રિકેશન
કામને લગતા તમામ કારીગરોની જરૂરિયાત છે. હોજીવાલા ઈન્ડસ્ટ્રીઝ Mo. 8488883099

જોઈએ છે
એમેઝોન, ફ્લીપકાર્ટ સંભાળી શકે તેવો અનુભવી સ્ટાફ (લેડીઝ) અડાજણ. 909-909-0770

ટેલી કોલિંગ કરી
શકે તેવી છોકરીઓ જોઈએ છે. Mo. No. 9974252925

વોક ઇન ઇન્ટરવ્યું
HIV/ AIDS NACP-V(માઈગ્રન્ટ) પ્રોગ્રામ અંતગર્ત ચાલતી સંસ્થા સહયોગ પ્રગતિ મંડળ સચીન સુરતમાં આઉટરીચ વર્કર-૦૧ (૧૨ પાસ અથવા કોઈ પણ વિષયમાં સ્નાતક) પગાર ૧૦૫૦૦+ ૧૫૦૦(ટ્રાવેલિંગ) =૧૨૦૦૦./- કરાર આધારીત ભરતી કરવાની છે. લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ અચૂક હાજર રહેવું. ઈન્ટરવ્યુંનું સ્થળ:- ૨૧૪, મહાવીર સોસાયટી, તલંગપુર પુર રોડ, રેલ્વે સ્ટેશનની નજીક, સચીન, સુરત તા.૨૯/૦૬/૨૦૨૬ સમય: ૧૦:૩૦ થી ૧:૦૦ મો. ૭૯૯૦૪૬૧૦૪૪, ૯૬૨૪૮૫૮૬૪૫ (179)

વોક-ઇન ઇન્ટરવ્યૂ
ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી (GSACS) ના અનુદાનથી કાર્યરત લક્ષ્ય ટ્રસ્ટ - સુરત યુનિટ-3 માટે એમ. એન્ડ ઈ. કમ એકાઉન્ટન્ટ ની જગ્યા પર ફિક્સ પગારથી ભરતી કરવાની છે. જરૂરી લાયકાત:બી.કોમ. (B.Com) અને ટેલી (Tally) નું સંપૂર્ણ જ્ઞાન. ઈન્ટરવ્યૂની તારીખ અને સમય:૩૦/૦૬/૨૦૨૬, મંગળવાર, સવારે ૧૦:૩૦ કલાકે સ્થળ:૮૦૪, આઠમો માળ જાપાન માર્કેટ દિલ્હી ગેટ રિંગ રોડ સુરત મોબાઇલ નંબર:૯૮૯૮૧૨૮૨૬૦ > નોંધ: ઉમેદવારે પોતાના તમામ અસલ (Original) તેમજ પ્રમાણિત નકલ (Attested) ના સર્ટિફિકેટ્સ સાથે નિયત સમયે હાજર રહેવું.

લોનની કંપની માટે
ટેલીકોલર છોકરી જોઈએ છે. પાર્ટટાઈમ, ફુલટાઈમ Location:- નાનપુરા સુરત મો:- 9586817707

હિન્દી માધ્યમમાં
સવારપાળી શાળામાં આર્ટ્સમાં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ભૂગોળ, ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અંગ્રેજી, તત્વજ્ઞાન વિષય ભણાવી શકે તેવા તમામ લાયકાત ધરાવતા હોય તેવા શિક્ષકો, અને ક્લાર્ક જોઈએ, મળો: સર્વોદય વિદ્યાલય, વેડ રોડ, બહુચરનગર, 9879039064

મિલ્કત વેચવાની છે

પ્લોટ વેચવાનો છે
સ્વાતિ સોસાયટી વિભાગ- 3, નાના વરાછા. મો. 9687580001

વેચવાની છે
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા કણજા 9687580001

ફ્લેટ વેચવાનો છે
2 BHK વિમલનાથ દેરાસર પાસે, સોનીફળીયા. MO: 9722805111

U G- 26, દુકાન
વેચાણથી આકાશ બિઝનેશ સેન્ટર પીપલોદ 9033160362

જમીન વેચવાની
૪૩ ગૂંથા ગામ- આસુંદર મરોલી નવસારી રોડ 9825109400

ફ્લેટ વેચવાનો
દસ્તાવેજ સિંગલ રૂમ કિચન બીજો માળ ૧૨ લાખ સગરામપુરા 8488968543

લગ્ન વિષયક

સુરત રહેતી
33 વર્ષની સ્વામિનારાયણ ધર્મ ફોલો કરતી એજ્યુકેટેડ યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

5 રવિવારે દમણ,
1100/- રૂપિયા, AC બસ, બે ટાઈમ નોનવેજ, વાડીફળીયા: 9484448329

સ્વપ્ન ટ્રાવેલ્સ
રેલ્વે દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગોત્રી, સાથે હરિદ્વાર, ઋષિકેશ. તારીખ- 19/8, 4/9, 17/9/2026. દિવસ- 15. (2) દક્ષિણ ભારત, શ્રીશૈલમ જ્યોતિલીગ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, વિગેરે. તારીખ- 15/9, દિવસ- 12. (3) જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગર, કામાખ્યાદેવી. તારીખ- 25/9, દિવસ- 11 (4) બનારસ, અયોધ્યા, નેપાળ, પ્રયાગરાજ. તારીખ- 25/9, દિવસ- 10. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો: દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

ઘરબેઠા TV, LCD
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.